# શું શિક્ષકનું કામ માત્ર ભણાવવાનું જ છે ? ના. બીજું પણ છે.

હમણાં થોડા દિવસ પહેલા કોલેજમાં તાલીમાર્થીઓ સાથે વર્ગખંડમાં શિક્ષકની લાયકાત અને ફરજો વિષે ચર્ચા થઇ. ત્યારે તાલીમાર્થીઓને કહ્યું કે, શિક્ષકનું કામ માત્ર ભણાવવાનું જ નથી. તે સિવાય પણ શિક્ષકે અન્ય સામાજિક અને રાષ્ટ્રીય કામ કરવાના છે. હા, શિક્ષકનું મુખ્ય અને મહત્વનું કામ ભણાવવાનું છે જ, પણ માત્ર એટલુ જ નથી. હમણાં જ ચાર દિવસ પહેલા ગુજરાત સરકાર તરફથી એક પરિપત્ર કરવામાં આવ્યો, જેમાં જણાવવામાં આવેલ છે કે, સમાજમાં કેટલાક સામાજિક પ્રસંગ દરમિયાન રાંધવામાં આવેલ અન્નનો બગાડ થાય છે. આ અન્નનો બગાડ નાં થાય તે માટે શિક્ષકોને સમાજમાં  જાગૃતિ લાવવાનું કામ સોંપવામાં આવેલ છે. આ સંદર્ભે કોઈ શિક્ષકે  જણાવેલું કે, આ કામ પણ અમારે કરવાનું? ત્યારે કહેવાનું મન થાય કે, હા, આ કામ પણ શિક્ષકોએ કરવું જ જોઈએ. પ્રથમ બાબત તો એ છે કે, સરકારે આવો પરિપત્ર કેમ કરવો પડ્યો? હકીકત એ છે અને સાચી જ છે કે, આપણા સમાજમાં ઘણાં સામાજિક પ્રસંગોએ જાહેર જમણવાર થતા હોય છે. જેમાં અંતે રાંધેલા અન્નનો બગાડ થાય જ છે. ત્યારે આ બગાડ નાં થાય તેમ કરવાની અને વિચારવાની જવાબદારી સમાજની જ છે. પણ સમાજ તે કરતો નથી માટે સરકારે આમ કરવું પડ્યું. એમાં ખોટું શું છે? સમાજ નથી સમજતો ત્યારે સરકારે સમજીને શિક્ષકોને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે કે, આ જવાબદારી તમે નિભાવો. હકીકતમાં આ કામ સરકારનું નથી, સમાજનું છે. અને છતાં સરકાર આ કરે છે તે સારી બાબત છે. અભિનંદનને પાત્ર છે. જેનો સહર્ષ સ્વીકાર કરી સામાજિક બનવાનો સૌએ પ્રયત્ન કરવો જોઈએ. બેટી બચાવો, બેટી પઢાવો. આ કામ સરકારનું છે કે સમાજનું? સમાજ નથી કરતો માટે સરકારે કરવું પડે છે ને? હકીકતમાં સમાજે વધુ જાગૃત બનીને સરકારને જાગૃત રાખવી જોઈએ. પણ આપણે ત્યાં તો સમાજ કરતા સરકારે વધુ જાગૃત રહેવું પડે છે. જે વિકાસશીલ સમાજની નિશાની નથી. વિકાસશીલ સરકારની કહી શકાય?

અહી પ્રશ્ન એ થાય કે, અન્નનો બગાડ અટકાવવા માટે માત્ર શિક્ષકોને જ કેમ સાંકળવામાં આવ્યા? તેની પાછળનું મુખ્ય કારણ એ છે કે, શિક્ષકો જ એવા વ્યવસાયી છે કે જેમની પર સમાજના તમામ વર્ગને શ્રદ્ધા અને વિશ્વાસ છે. શિક્ષકો જ સમાજના નીચલા વર્ગથી ઉચ્ચ વર્ગ સુધી તમામ લોકો સાથે સંકળાયેલ છે. તેમાં પણ બાળકો સાથે સીધી રીતે જો કોઈ સંકળાયેલ હોય તો તે શિક્ષકો જ છે. જેથી સમાજમાં કોઈપણ બાબતે જાગૃત્તિ લાવવી હોય તો તે કામ શિક્ષકો જ સારી રીતે નિભાવી શકે તેમ છે. હા, બીજા કર્મચારીઓએ પણ પોતાની રીતે આ કામ કરવું જ જોઈએ. સાથે જો શિક્ષકો સાથે અન્ય સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ પણ જોડાય તો સોનામાં સુગંધ ભળે. આ સુગંધ ભેળવવા માટે પણ શિક્ષકોએ પ્રયત્ન કરવા જોઈએ. અન્ય સંસ્થાઓ પાસે જઈને વાત કરવી જોઈએ. આમ નહિ કરીને શાળા શરૂ થયા પૂર્વે શેર બજારમાં અને છૂટ્યા બાદ ઘંટીએ બેસતો શિક્ષક સહેજ પણ શોભતો નથી. શિક્ષક તરીને છ કલાક ફરજ બજાવ્યા પછી બાકીના સમયમાં તમે શું કરો છો તેના પર તમારી ઈમેજ અને તમારી પ્રગતિનો આધાર છે. બાકી છોકરા જણ્યાં અને એને નિભાવવા માટેજ સમય આપતા હોવ તો એમાં શું નવાઈ છે. એતો અભણ અને મજૂર પણ કરે છે. તો તમારામાં અને તેનામાં ફરક શેનો અને કેટલો?

આપણા સમાજમાં સાધુસંતો પણ જોવા મળે છે. આ સાધુસંતોનું કામ માત્ર ભગવાનની સેવા પૂજા કે ભક્તિ કરવાનું જ છે? ના. તેઓ પણ સમાજમાં વિચારતા રહીને લોકોમાં જાગૃતિ લાવવાનું કામ કરે જ છે. આવું

કામ કરનાર સાધુસંતને સાચા અર્થમાં શિક્ષક કહી શકાય? તેનાથી વિપરીત શાળામાં ભણાવવાના કામ સાથે સમાજમાં જાગૃતિ લાવવાનું કામ કરતા શિક્ષકને સાચા અર્થમાં સંત કહી શકાય? આ રીતે જોતા શિક્ષકે સંત બનવાનું છે. જે માટે તેનું કામ માત્ર ભણાવવાનું જ નથી. બાળકો શાળામાં માત્ર પાઠ્યપુસ્તક જેટલું જ શીખવા આવતા નથી. પાઠ્યપુસ્તક જેટલું શીખવવાનું કામ તો તેના મમ્મી-પપ્પા પણ કરી શકે. વાલી ધારે તો ઘેર ખાનગી ટ્યુશન રાખીને પણ બાળકને પાઠ્યપુસ્તક જેટલું શીખવાડી શકે. અરે, એમ નાં કરવું હોય તો આજે દરેક શહેર અને ગામડા સુધી ખુલી ગયેલા ટ્યુશન ક્લાસમાં મોકલીને પણ શીખવાડી શકે. સમાજમાં આવા અનેક વિકલ્પો હોવા છતાં વાલી પોતાના બાળકને શાળામાં કેમ મોકલે છે? સરકાર અને ખાનગી સાહસો શાળાઓ ખોલીને મોટામોટા ખર્ચ કેમ કરે છે? ઘણી શાળામાં ઊંચી ઊંચી ફી લેવાતી હોય છે ત્યાં માત્ર વર્ગખંડમાં શીખવવાનું જ કામ થતું હોત તો કોઈ વાલી પોતાના બાળકને ઊંચી ફી ભરીને શાળામાં ના મોકલતો હોત. તે ખાનગી ટ્યુશન ક્લાસમાં મોકલીને શીખવાડતો હોત.

શાળામાં શિક્ષકે માત્ર ભણાવવાનું જ નથી. તે સાથે અન્ય સામાજિક અને રાષ્ટ્રીય કામ પણ કરવાના છે. સમાજમાં ચાલતી બદીઓ અને અંધશ્રદ્ધા સામે બાળકોને જાગૃત કરવા માટેના ઈરાદાપૂર્વકના પ્રયત્નો શિક્ષકે કરવા જ પડે. વિવિધ મૂલ્યોનું સિંચન કરવાની જવાબદારી પણ શાળાની જ છે. અને આ સિંચન બાળપણમાં કરવામાં આવે તો તેના પરિણામો ઝડપી અને સારા મળે છે. આપણી સંસ્કૃતિનું સંરક્ષણ, સવર્ધન અને સંક્રમણ કરવાની જવાબદારી સૌની છે પણ શિક્ષકની વિશેષ છે. એટલે જો કોઈ શિક્ષક એમ માનતો હોય કે મારું કામ તો પાઠ્યપુસ્તકમાં આપેલ પાઠ શીખવવા જેટલું જ છે તો તે ખોટો જ નહિ પણ ગુનેગાર છે. લુણાવાડા નિવાસી મારા એક પરિચિત લેખક મિત્રે તો શિક્ષકને ' ગામનો મુખીયો' કહ્યો છે. એટલે કે ગામડામાં આજે પણ શિક્ષકને ઘણું માન આપવામાં આવે છે અને તેની વાત માનવામાં આવે છે, ત્યારે તેનો ફાયદો લઈને સમાજ અને સરકાર બે સારા કામ શિક્ષકને સોંપે તો તે કામ કરવાની જવાબદારી પૂરી નિષ્ઠાથી શિક્ષકે નિભાવવી જોઈએ. સમાજ અને સરકાર એકબીજા સાથે જોડાયેલા છે. સરકારે સમાજ માટે કામ કરવાનું છે તો સમજે પણ સરકારને સાથ આપવાનો છે. તાલી બંને હાથે પડે. તેમ માનીને કામ કરવું પડે. બાકી બંને એકબીજા પર દોષારોપણ કરે કે અપેક્ષા આરખે તો કોઈનો વિકાસ થવાનો નથી. આ માટે બંને પક્ષે સમજવું પડે અને કરવું પડે.

આજે સોસિયલ મીડિયામાં છેતરવાના અને છેતરાવાના અનેક કિસ્સાઓ બહાર આવે છે. ત્યારે કોલેજમાં અધ્યાપકની ફરજ બને છે કે એ તરફ યુવાનોનું ધ્યાન દોરવું અને તેનાથી દૂર રહેવું કે બચવું. શું આ માટે અધ્યાપક એમ વિચારશે કે અમારા કોર્ષમાં આવું તો નથી. અરે ભાઈ, શાળા કે કોલેજ કક્ષાએ પાઠ્યક્રમ તો માર્ગદર્શન માટે છે, આપણે તેનાથી ઉપર અને આગળ જઈને કામ કરવાનું છે. બાકી એક્સ્ટર્નલ રહીને પણ પરીક્ષા આપીને પાસ થવાય છે. તો મોટા મોટા બિલ્ડીંગ બાંધી શાળા-કોલેજ ખોલીને અધધ પગારોના ખર્ચ કરવાની ક્યાં જરૂર છે? વિદ્યાર્થી પોતાના ઘેર રહીને નોકરી ધંધો કરીને પણ પરીક્ષા તો પાસ કરી જ શકે છે ને! તો પણ સરકાર અને સમાજ આટલા મોટા ખર્ચ કરે છે તેની પાછળના સાચા અને ભાવનાત્મક કારણો જાણવા જોઈએ અને તે નિભાવવાન પ્રયત્ન કરવો તે સૌ શિક્ષક અને અધ્યાપકની ફરજ છે.

**અશોકી**: વર્ગખંડમાં નવું નવું શીખવવા જતો શિક્ષક જૂનું જૂનું લઈને જાય છે. બોલીને ભણાવે તેના કરતા કરીને ભણાવે તે સારો શિક્ષક અને કરાવીને ભાવે તે ઉત્તમ શિક્ષક.